RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 57* Date: 16.12.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# તવાંગ તો ટ્રેલર છે, પિચ્ચર હજુ બાકી છે

**ભારતના ત્રણ રાજ્યનો ચીનની ૫ ફિંગર પોલિસીમાં સમાવેશ, નકશા ઉપર આકાર આપવાનો બળપૂર્વક પ્રયાસ કરે છે**





નવીદિલ્હી,તા.૧૫

ચીન તેની વિસ્તારવાદની નીતિને વિસ્તારી રહ્યું છે. પોતાની વિસ્તારવાદની નીતિને વધુ આક્રમક બનીને ચીને ભારતના ઘૂસણખોરી કરવાનો પ્રયાસ વધાર્યો છે. લદ્દાખના ગલવાન ખીણપ્રદેશમાં જે પ્રકારે ચીનના સૈન્ય જવાનોએ ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો તે જ રીતે ચીનને હવે અરુણાચલ પ્રદેશના તવાંગ સેકટરમાં પ્રસાય કર્યો છે. જો કે ચીન દ્વારા ઘૂસણખોરીના બન્ને પ્રયાસોને ભારતીય સૈન્યે નિષ્ફળ બનાવી દિધા છે.

દુનિયાભરમાં સૈન્ય અડપલાથી વિવાદ સર્જનાર ચીન, હજુ સુધર્યું નથી. વિસ્તરણવાદી નીતિને સંપૂર્ણ રીતે અલમમાં મૂકનાર ચીન, હવે ભારત પ્રત્યે સતત આક્રમક બની રહ્યુ છે. ચીનના સૈનિકોએ અરુણાચલ પ્રદેશના તવાંગમાં ઘૂસણખોરી કરી હતી. જેના પગલે, ભારતીય સેના અને ચીનના સૈન્ય જવાનો વચ્ચે અથડામણ થઈ હતી. ચીન માત્ર ભારત સાથે જ આવુ નથી કરી રહ્યુ પરંતુ તેની આસપાસ આવેલ અન્ય દેશો સાથે પણ જમીન અને દરિયાઈ સરહદે વિવાદો સર્જ્યા છે. ચીનના તમામ પડોશી દેશ વિસ્તરણવાદની આ નીતિથી હેરાન પરેશાન થઈ ગયા છે. વિશ્વના નકશા પર એક નજર કરીશુ તો જણાશે કે ચીન, સૌથી વધુ ૧૪ નાના મોટા દેશ સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે. આ તમામે તમામ દેશ સાથે સરહદને લઈને ચીન વિવાદ સર્જતુ જ આવ્યું છે.

ભારત હોય કે નેપાળ, ભૂટાન હોય કે તિબેટ, તમામ પર કબજો જમાવવાનું ચીન કાવતરુ ઘડી રહ્યું છે. જેને ફાઈવ ફિંગર પોલિસી તરીકે ઓળખવામાં આવે છે. ચીનની ફાઈવ ફિંગર પોલિસી અત્યંત વિવાદાસ્પદ છે, જો કે ચીને ક્યારેય પણ સત્તાવાર રીતે ફાઈવ ફિંગર પોલિસીનું નામ લેતું નથી પરંતુ હંમેશા તેને નકશા ઉપર આકાર આપવાનો બળપૂર્વક પ્રયાસ કરે છે. ૧૯૪૯માં સામ્યવાદી પાર્ટીએ ચીનમાં સત્તા સંભાળી, ત્યારે વિસ્તરણવાદની નીતિ પર કામ શરૂ થયું હતું. સરકારની રચના થતાં જ ચીને તિબેટ, પૂર્વ તુર્કસ્તાન અને મંગોલિયા પર કબજો કરી લીધો હતો. આંતરીક ગૃહયુદ્ધ પછી તાઈવાન નામનો એક અલગ દેશ અસ્તિત્વમાં આવ્યો હતો. આ અંગે ચીન હજી પણ તાઈવાનને પોતાનો હિસ્સો ગણાવે છે. વિસ્તારવાદ અને ફાઈવ પોઈન્ટ પોલીસીને અનુલક્ષીને, ચીને ૧૯૯૭માં હોંગકોંગ અને ૧૯૯૯માં મકાઉને પણ પોતાની સાથે જોડી દીધું હતું.

ભારત અને ચીન વચ્ચે અથડામણનો બનાવ અરુણાચલ પ્રદેશમાં બન્યો છે. ૧૯૬૨ના યુદ્ધમાં ચીનના સેન્યે અરુણાચલ પ્રદેશ રાજ્યમાં ઊંડે સુધી ઘૂસી ગઈ હતી અને અરુણાચલ પ્રદેશના મોટા વિસ્તાર પર કબજો કરી લીધો હતો. આજે ચીને અરુણાચલ પ્રદેશના કેટલાક ભાગમાં ગેરકાયદે કબજો ધરાવે છે. તેના પર ચીને ગામ પણ વસાવ્યા છે. આ વિસ્તાર નેફા તરીકે પણ ઓળખવામાં આવે છે. ચીન આ વિસ્તારમાં કોઈપણ ભારતીય નેતાની મુલાકાતનો ભારે વિરોધ કરે છે. તે અહીંના લોકોના ભારતીય પાસપોર્ટને ઓળખતા નથી. જ્યારે ચીન પાસે એવા કોઈ પુરાવા નથી, જેનાથી સાબિત થઈ શકે કે તે તેમની જમીન છે. વિસ્તારવાદને વરેલા ચીનનું પેટ ભારતના રાજ્યોની જમીન હડપ કરીને હજુ પણ ભરાયું નથી, તેથી જ ચીન હજુ પણ અરુણાચલ પ્રદેશના વધુ કેટલાક ભાગો ઉપર કબજે જમાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.ભારતની પૂર્વ બાજુ આવેલ પાડોશી દેશ ભૂટાનનો પણ ચીનની ફાઈવ ફિંગર નીતિમાં સમાવેશ થાય છે. ચીન લાંબા સમયથી આ અંગે દાવો કરી રહ્યું છે. ભારતની ભૂટાન સાથે સૈન્ય સંધિ છે, જે અંતર્ગત ભારત આ દેશને સૈન્ય સહાય પૂરી પાડે છે. ભારતીય દળો અહીં સુરક્ષાનું ધ્યાન રાખે છે. જો કે, ભૂતાનને મૂર્ખ બનાવવા ચીન અવનવા ગતકડા કરતુ રહે છે.સિક્કિમ ભારતનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જ્યા કુદરતી સૌદર્ય પણ સોળે કળાએ ખીલ્યુ છે, તો ભૌગોલિક દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે. આઝાદી સમયે સિક્કિમ ભારતનો ભાગ ન હતુ. સિક્કિમનું વર્ષ ૧૯૭૫માં ભારતમાં વિલીનીકરણ થયું હતું. સિક્કિમના વિલીનીકરણ સમયે ચીને ભારે વિરોધ કર્યો હતો. પરંતુ તેની કોઈ ચાલ સફળ થઈ નહોતી. હવે આજના સમયમાં ચીન સિક્કિમને પોતાનું હોવાનો દાવો કરે છે. ચીની સેનાએ અવારનવાર સિક્કિમમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો છે.

નેપાળ સાથે સારા સંબંધો હોવાનો ચીન ભલે ગમે તેટલો દાવો કરે, પરંતુ તેની નેપાળ દેશ પર પણ ખરાબ નજર છે. નેપાળના મોટા ભાગ પર પણ ચીનનો કબજો છે. તાજેતરમાં, નેપાળના લોકો ચીનના વિરોધમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. એક સમયે નેપાળે ભારતને સૈન્ય મદદ કરવા માટે વિનંતી પણ કરી હતી. ભારત હંમેશા નેપાળને મદદ કરતું આવ્યું છે. પરંતુ નેપાળની સામ્યવાદી સરકાર લાંબા સમય સુધી ચીનના ઈશારે કામ કરતી રહી છે. ભારતના ઉતરીય રાજ્ય લદ્દાખમાં ચીનની ઘૂસણખોરી અને લશ્કરી અડપલા કોઈનાથી છુપા નથી. ચીનની પીએલએ સેના સતત ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરતી રહી છે. ચીને પહેલાથી લદ્દાખનાજ મોટા વિસ્તાર ઉપર કબજો કર્યો છે. જે અક્સાઈ ચીન તરીકે ઓળખાય છે. તે એક સમયે ભારતનો જ એક પ્રદેશ હતો. ચીનનો ડોળો ગાલવાન ખીણ પર છે. જ્યાં જૂન, ૨૦૨૦ થી સરહદે તણાવ યથાવત્ છે. આ તણાવનો અંત લાવવા બંને દેશો વચ્ચે સૈન્ય અધિકારીસ્તરે લગભગ ૧૬ રાઉન્ડ બેઠક યોજાઈ છે. છતા સ્થિતિ યથાવત રહેવા પામી છે.

# લાદેનની સરભરા કરનારા ઉપદેશ આપવાનું બંધ કરે : વિદેશ પ્રધાન જયશંકર

નવીદિલ્હી,તા.૧૫

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવવા બદલ ભારતે બુધવારે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા. ભારતે કહ્યું કે એક દેશ, જેણે અલ-કાયદાના નેતા ઓસામા બિન લાદેનને હોસ્ટ કર્યો હતો અને તેના પડોશી દેશની સંસદ પર હુમલો કર્યો હતો, તેની પાસે સંયુક્ત રાષ્ટ્રમાં "પ્રચાર" કરવા માટે ઈજ્જત બચી નથી. સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીર પર પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોની ટિપ્પણી બાદ ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરે આ વાત કહી.



વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રની વિશ્વસનિયતા આપણા સમયના મુખ્ય પડકારો, પછી તે રોગચાળો હોય, હવામાન પરિવર્તન હોય, સંઘર્ષ હોય કે આતંકવાદ હોય, તેના અસરકારક પ્રતિભાવ પર આધાર રાખે છે.

યુએનએસસી ખાતે 'આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા અને સુધારણા બહુપક્ષીયવાદ માટે નવી દિશા' વિષય પર ખુલ્લી ચર્ચાની અધ્યક્ષતા કરતા જયશંકરે કહ્યું, 'અમે સ્પષ્ટપણે આજે બહુપક્ષીયતામાં સુધારાની તાકીદ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. સ્વાભાવિક રીતે આપણે આપણા પોતાના ચોક્કસ મંતવ્યો ધરાવીશું, પરંતુ ઓછામાં ઓછું એક વધતી સર્વસંમતિ છે કે આમાં વધુ વિલંબ થઈ શકશે નહીં.તેમણે કહ્યું, 'દુનિયા જેને અસ્વીકાર્ય માને છે તેને ન્યાયી ઠેરવવાનો પ્રશ્ન ઊભો થવો જોઈએ નહીં. આ ચોક્કસપણે સરહદ પારના આતંકવાદના રાજ્ય સ્પોન્સરશિપને લાગુ પડે છે. કે ઓસામા બિન લાદેનને હોસ્ટ કરવો અને પડોશી દેશની સંસદ પર હુમલો કરવો એ આ કાઉન્સિલ સમક્ષ પ્રચાર કરવા માટે ઓળખપત્ર તરીકે સેવા આપી શકે છે.'જણાવી દઈએ કે ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ સંસદ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં દિલ્હી પોલીસના પાંચ જવાન, એક મહિલા ઝઈૡ જવાન અને બે સંસદસભ્ય શહીદ થયા હતા. હુમલામાં એક કર્મચારી અને એક કેમેરામેનનું પણ મોત થયું હતું.

પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોએ કહ્યું કે પાકિસ્તાન દ્રઢપણે માને છે કે સુરક્ષા પરિષદની સક્રિય ભાગીદારી દ્વારા આપણા ક્ષેત્રમાં મોટી સુરક્ષા સમસ્યાઓનો અસરકારક અને શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવી શકાય છે. બહુપક્ષીયવાદ યુનાઈટેડ નેશન્સ ચાર્ટરના સાર્વત્રિક અને સુસંગત પાલન પર આધારિત હોવો જોઈએ. ભુટ્ટોએ વધુમાં જણાવ્યું હતું કે યુએનમાં નવા કાયમી સભ્યો ઉમેરવાથી યુએનના મોટાભાગના સભ્ય દેશોની સુરક્ષા પરિષદમાં હાજર બેઠકોની સંખ્યા સંખ્યાત્મક રીતે ઘટી જશે. તેમણે કહ્યું કે જો તમે બહુપક્ષીયવાદની સફળતા જોવા માંગતા હોવ તો તમે કાશ્મીર પર યુએનએસસીના ઠરાવને અમલમાં મૂકવાની મંજૂરી આપો, બહુપક્ષીયવાદને સફળ સાબિત કરો, સાબિત કરો કે તમારી (ભારત) અધ્યક્ષતામાં યુએનએસસી સફળ થઈ શકે છે અને આપણા ક્ષેત્રમાં શાંતિ આવી શકે છે.

# માન સરકારે બાદલ પરિવારની બસો પર બ્રેક લગાવી, પંજાબ પરિવહન યોજનામાં પરિવર્તન કર્યું

ચંડીગઢ,તા.૧૫

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વવાળી સરકારે રાજ્યમાંથી ખાનગી બસ માફિયાને ઉખાડી ફેંકવા માટે એક વધુ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.માન સરકારે આંતરરાષ્ટ્રીય રૂટો પર બાદલ પરિવારની ખાનગી બસો અને અન્ય ખાનગી બસ માફિયાઓના એકાધિકારને ખતમ કરી દીધો છે. પરિવહન મંત્રી લાલજીત સિંહ ભુલ્લરે તેની પુષ્ટી કરતા કહ્યું હતું કે કોંગ્રેસ સરકાર તરફથી બાદલ પરિવાર અને અન્ય ખાનગી બસ માફિયાઓને લાભ આપવા માટે બનાવેલ પંજાબ પરિવહન યોજના ૨૦૧૫માં સુધારો કર્યો છે.

આ યોજના હેઠળ ચંડીગઢમાં ખાનગી વોલ્વો બસોના પ્રવેશ ઈટેકટ કરી દેવામાં આવી છે.જેનાથી મોટા પાયા પર સરકારી ખજાનાની લુંટ થઈ લાલજીત સિંહ ભુલ્લરે કહ્યું કે બાદલ પરિવારે ૨૦૦૭થી ૨૦૧૭ સુધી પોતાની સરકારના બે કાર્યકાળ દરમિયાન પોતાના વ્યક્તિગત હિતોને પુરૂ કરવા માટે અનેક યોજના બનાવી જેમાં કોંગ્રેસ સરકારે બાદલોને તેમની પરિવહન વ્યવસાયને યોગ્ય રીતે ચલાવવામાં પણ મદદ કરી જેમાં તેમની એસી બસોને ચંડીગઢ સુધી અંતર રાજય આંદોલન પણ સામેલ છે.

પરિવહન મંત્રીએ કહ્યું કે પંજાબ પરિવહન યોજના ૨૦૧૮ને પંજાબ પરિવહન( સુધારા) યોજના ૨૦૨૨માં સુધારો કરવામાં આવ્યો છે.ક્રમ સંખ્યામાં સુધારા સાથે યોજનાના કલોજ નંબર ૩માં હવે ફકત રાજય પરિવહન ઉપક્રમની બસો જ પોતાના ૧૦૦ ટકા હિસ્સાની સાથે ચંડીગઢમાં પ્રવેશ કરી શકે છે.અધિસુચનામાં અંતર રાજય માર્ગની સાથે પ્રવિષ્ટિમાં લખ્યું છે કે ૩૯ અથવા તેનાથી વધુની બેઠકની ક્ષમતાની સાથે આગળની શર્તાની સાથે વાતાનુકુલિત સ્ટેજ કેરિજ ફકત રાજય પરિવહન ઉપક્રમો તરફથી પ્રત્યેક શ્રેણીમાં તેના કુલ હિસ્સામાં જ ચલાવવામાં જ આવશે.કેબિનેટ મંત્રી લાલજીત સિંહ ભુલલ્લે ખાનગી લાભ માટે સરકારી ખજાનોની લુંટ અને મનમાની યોજનાઓ બનાવી પોતાના સાથીઓને ખોટી રીતે લાભ પહોંચાડવા માટે બાદલ પરિવારની ટીકા કરતા કહ્યું કે મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વવાળી સરકાર રાજયના ખજાનાને બાદલો અને તેમના શક્તિશાળી સાથીઓ માટે ખાનગી સ્વાર્થને પુરો કરવાની મંજુરી આપશે નહીં.

# લોકસભાની ચુંટણીનો રોડમેપ તૈયાર કરવા માટે ભાજપ એક સમિતિની રચના કરી

નવીદિલ્હી,તા.૧૫

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ ૨૦૨૪ની લોકસભા ચુંટણી માટે રોડમેપ તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરી છે.ભાજપ અધ્યક્ષના નિવાસ પર ઉત્તરપ્રદેશને લઇ થયેલી બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ,રક્ષા મંત્રી રાજનાથસિંહ,પાર્ટીના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષ,ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા મોજુદ રહ્યાં આ બેઠક ૨૦૨૪ની લોકસભા ચુંટણીની તૈયારીને લઇ થઇ છે.

સુત્રોના જણાવ્યા અનુસાર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ ૨૦૨૪નો રોડમેપ તૈયાર કરવા માટે એક સમિતિ બનાવી છે આ ટીમ દરેક શહેર અને ગામે ગામમાં જઇ જમીની હકીકત જાણશે તે ૨૦૨૪ની લોકસભા ચુંટણી માટે જરૂરી કાર્યક્રમો અને અભિયાનની યોજનાને લઇ નિર્ણય પણ લેશે.જયારે મધ્યપ્રદેશના ભાજપ ધારાસભ્યે ભાજપની જેમ મધ્યપ્રદેશ સરકારમાં પણ ચુંટણી પહેલા પરિવર્તનની માંગ કરતા પાર્ટી અધ્યક્ષ જે પી નડ્ડાને પત્ર લખ્યો છે.આ સાથે જ તેમણે સ્ટેટ યુનિટને પણ નવું સ્વરૂપ આપવાની માંગ કરી છે.સતના જીલ્લાના વર્તમાન ભાજપ ધારાસભ્ય નારાયણ ત્રિપાઠીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાને પત્ર લખી ગુજરાતની જેમ મધ્યપ્રદેશમાં સરકારની સાથે સાથે પાર્ટીના રાજય એકમમાં પણ પુરી રીતે પરિવર્તનની માંગ કરી છે.ત્રિપાઠીએ પત્રમાં ગુજરાતમાં શાનદાર જીત માટે પાર્ટીને અભિનંદન આપતા કહ્યું કે મારા જેવા નાના કાર્યકર્તા જે પાર્ટીના શુભચિંતક છે અને મધ્યપ્રદેશમાં ફરીથી ભાજપની સરકાર બનાવવા ઇચ્છે છે તે સરકાર અને સંગઠનમાં પુરી રીતે પરિવર્તન માટે વિનંતી કરે છે જેથી સત્તા વિરોધી લહેર ખતમ થાય અને ગુજરાત જેવી જીત મધ્યપ્રદેશમાં પણ મળે .

# બિહારમાં મોત પર રાજદ નેતાનું અક્કલનું પ્રદર્શન, ઈમ્યુનિટી વધારશો તો ઝેરીલી દારૂથી મોત નહી થાય

પટણા,તા.૧૫

બિહારના છપરામાં નકલી દારૂના કારણે અત્યાર સુધીમાં ૩૦ લોકોના મોત થયા છે. ઘણા લોકોએ તેમની આંખોની રોશની ગુમાવી છે. તે જ સમયે, આરજેડી મંત્રી સમીર મહાસેઠના વાહિયાત નિવેદનથી રાજકારણ ગરમાયું છે. તેમનું માનવું છે કે ઝેરી દારૂ પીધા પછી જો તમારે મૃત્યુથી બચવું હોય તો શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવી. મંત્રી નકલી દારૂના કારણે થયેલા મોત અંગે પત્રકારોના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. મંત્રીએ કહ્યું કે રમો અને કૂદો અને શક્તિ વધારો તેનાથી ઝેરી દારૂ પીવાથી મોત નહી થાય.

તમને જણાવી દઈએ કે આ મુદ્દે ભાજપ નીતીશ સરકાર પર સતત હુમલો કરી રહી છે.બિહાર વિધાનસભામાં આને લઈને ભારે હોબાળો થયો હતો.જ્યારે ભાજપે આ મુદ્દે નીતિશને સવાલ કર્યા તો તેઓ ગુસ્સે થઈ ગયા. ભાજપ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે તમે શરાબી છો, જ્યારે બીજેપી સાંસદ સુશીલ મોદીએ કહ્યું કે નીતીશ જીનો સમય વીતી ગયો છે, તેમની યાદ રાખવાની શક્તિ પણ ગઈ છે તેઓ દરેક વાત પર ગુસ્સે થઈ રહ્યા છે.

સાથે જ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે નીતિશ કુમારનું આ વર્તન ૧૦ વર્ષ પહેલા નહોતું. એવું લાગે છે કે તે નિરાશ છે. રાજ્યમાં નકલી દારૂના કારણે દરરોજ મોત થઈ રહ્યા છે. સ્થિતિ એવી છે કે બિહારમાં દરેક જગ્યાએ દારૂ મળે છે. તમને જણાવી દઈએ કે આ ઘટનાને લઈને બીજેપી ધારાસભ્યોએ બિહાર વિધાનસભાની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને નારાજગી વ્યક્ત કરી હતી. ભાજપના નેતાઓએ છાપરામાં થયેલા મોત માટે પોલીસ પ્રશાસનને જવાબદાર ઠેરવ્યું છે. તેમનું કહેવું છે કે ગેરકાયદેસર દારૂના વેપારીઓની મિલીભગતને કારણે બિહારમાં દારૂનું વેચાણ થઈ રહ્યું છે.બિહાર વિધાનસભામાં બીજા દિવસની શરૂઆતમાં જ્યારે ભાજપે દારૂના કારણે મોતનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે નીતિશ કુમાર ગુસ્સે થઈ ગયા. અને ભાજપના સભ્યો પર આરોપ લગાવ્યો કે તમે દારૂ વેચો છો. જે બાદ બીજેપી ધારાસભ્યો પણ ગુસ્સે થઈ ગયા અને માફીની માંગ કરવા લાગ્યા. બિહાર વિધાનસભામાં વાતાવરણ એટલું ગરમાઈ ગયું કે સીએમ નીતીશ કુમારે તો બીજેપીના સભ્યોને નશામાં કહ્યા. તમને જણાવી દઈએ કે છપરામાં નકલી દારૂના કારણે થયેલા મોતને જોતા વિપક્ષના નેતા વિજય કુમાર સિન્હાએ રાજ્ય સરકારના દારૂ પર પ્રતિબંધ પર સવાલ ઉઠાવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# ગલવાન બાદ તવાંગ



*ચીને ફરી એક વખત વાસ્તવિક નિયંત્રણ રેખા બદલવાની નિષ્ફળ કોશિશ કરી છે. આ વખતે તેણે અરુણાચલ પ્રદેશના તવાંગને નિશાનો બનાવ્યું છે. આ ઘટનાએ બે વર્ષ પહેલાં લદ્દાખના ગલવાનમાં થયેલ લોહિયાળ અથડામણની યાદ દેવડાવી છે અને એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે ચીન પોતાની શત્રુતાપૂર્ણ ગતિવિધિઓ છોડવાનું નથી. તવાંગની ઘટનાએ એ પણ સ્પષ્ટ કરી દીધું કે ચીની સેના ભવિષ્યમાં પણ ભારતીય સીમામાં અતિક્રમણ કરવાની કોશિશ કરી શકે છે. એ ઠીક છે કે ગલવાનની ઘટના બાદથી ભારતીય સેનાઓ સતર્ક છે, પરંતુ હવે ફક્ત સતર્કતા રાખવી જ પર્યાપ્ત નથી. આપણી સેનાઓએ ચીની સેના વિરુદ્ધ રક્ષાત્મકને બદલે આક્રમક વલણ અપનાવવું પડશે. એવું લાગે છે કે ગલવાનમાં તેને એવો પાઠ ભણાવી શકાયો નથી, જેવો જરૂરી હતો. કમ સે કમ હવે તો એ સુનિશ્ચિત કરવું જ જોઈએ કે તેને યોગ્ય પાઠ ભણાવવામાં આવે. આ ફક્ત સીમાઓ પર સતર્કતા રાખવાથી જ નહીં, પરંતુ એના પર આર્થિક નિર્ભરતા ઓછી કરવાથી પણ થશે. એ ધ્યાન રાખવું જોઈએ કે ગલવાનની ઘટના બાદ આયાતી ચીની વસ્તુઓ પર નિર્ભરતા ઓછી કરવાના જે તમામ પગલાં ઉઠાવવામાં આવ્યાં, તેનાથી વાંછિત પરિણામ પ્રાપ્ત નથી થયાં. અફસોસ કે એવું આત્મનિર્ભર ભારત અભિયાન શરૂ કર્યા બાદ પણ નથી થયું. આ યોગ્ય સમય છે કે એ કારણોનું નિવારણ કરવામાં આવે જેને કારણે ચીની વસ્તુઓ પર ભારતની નિર્ભરતા ઓછી થવાનું નામ નથી લેતી. આ દિશામાં ઠોસ ઉપાય એટલા માટે પણ કરવા જોઈએ, કારણ કે વેપાર મામલે પલડું ચીન તરફ વધુ ઝૂકેલું છે. એ પણ સમજવું જોઈએ કે ચીની એપ્સ પર પ્રતિબંધો લગાવવા પૂરતું નથી સાબિત થયું.*

*બેલગામ ચીનને એ જ સંદેશ આપવા માટે ભારતે એ દેશો સાથે સંપર્ક-સંવાદ વધારીને આર્થિક અને સૈન્ય સહયોગ સ્થાપવા માટે પણ સક્રિય થવું જોઈએ, જે તેની દાદાગીરીથી પીડિત છે. એ સિવાય ભારતે તિબેટ અને તાઈવાન મુદ્દે પણ આક્રમક બનવું પડશે. આ બધાની સાથે જ એ પણ જરૂરી છે કે ચીન મામલે દેશનું રાજકીય નેતૃત્વ એક સ્વરે બોલવાનું શીખે. એ જોવું દુ:ખદ છે કે જ્યારે રાજકીય નેતૃત્વએ એકજુટ થવાની સાથે એવું દેખાવું પણ જોઈએ, ત્યારે તે સરકારને ઘેરવામાં પોતાનો સ્વાર્થ જુએ છે. વળી કોંગ્રેસ તો સરકાર પર કંઈક વધારે જ હુમલાખોર છે. ક્યારેક તો એવું લાગે છે કે તેના આ આક્રમક વલણનું કારણ એ છે કે ચીન સંદર્ભે તેની પોતાની નીતિ-રીતિને લઈને સવાલો ન ઉઠે. તેની અવગણના ન કરી શકાય કે ડોકલામ વિવાદ સમયે રાહુલ ગાંધી ભારત સરકારને જણાવ્યા વગર જ ચીની રાજદૂત સાથે છૂપી મુલાકાત કરી આવ્યા હતા. એ સમજવું મુશ્કેલ છે કે કોંગ્રેસે ચીની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે સમજૂતી કરવાની શી જરૂર હતી? આ સમજૂતી એટલા માટે વાંધાજનક છે, કારણ કે રાજીવ ગાંધી ફાઉન્ડેશને તો ચીન પાસેથી ફંડ લેવામાં પણ સંકોચ નહોતો રાખ્યો. જે પણ હોય, ભારતીય સેનાએ ચીની સેનાને ખદેડી મૂકી તે સારી વાત છે. ભારતે પહેલેથી એ વિસ્તારમાં જવાબી બુનિયાદી માળખું ઊભું કરવાની શરૂઆત કરી દીધી છે, જેનાથી સેનાનું આવાગમન સરળ બનાવી શકાય. જોકે, હાલમાં સ્થિતિ થાળે પાડવામાં સેનાની કોશિશો રંગ લાવી રહી છે.*

અલોપ
આજ કોઇ,
ચમત્કાર થયો?
જેનાથી છૂટવા મથીએ,
એ આજે કાં નસાંપડે??
મન વિહ્વળ થઇ ગયું!
બંદા શું સ્કોટલેન્ડની બજારમાં છે?
ભારતમાં સિંગાપુર ?
ભારતમાં દુબાઇ?
મદમસ્ત ચાલે ચાલતી,
બેફિકરી,
ગમે ત્યાં મોઢું મારે,
કેળા, ગાજર, ચીભડા બટાટા ,ભીંડા, કોથમીર ચટકાવે.
કોઇનો પગ ભાંગે,
કોઇનો હાથ ભાંગે.
કોઇને શિંગડે ઉછાળે ,
કોઇને પગ તળે રોંદે,
માનો હીરો ખૂંટની સાસુ!!
આજે ક્યાંય જોવા ન મળે??
કેમ કરતા કરામત થઇ?
કયા મોરલાએ કળા કરી??
કેવળ સન્નાટો.
આ કેવો ઘાટો?
ગાયમાતા વિના ભારતની,
કલ્પના બેકાર છે!!
શાક માર્કેટ ગાય વિહોણું, વિદેશી ષડયંત્ર છે કે શું??
કહે છે કે,
કેટલું સાચું છે ખબર નથી,
પણ આવો ગણગણાટ છે!!
દિલ્હીના દાઢીવાળા દાદાની,
પ્રચારસભા હોવાથી,
ગાયમાતાને પકડીને પાંજરાપોળ ધકેલી છે.
કાલે બધું રાબેતા મુજબ
પૂર્વવત્ યથાવત થઇ જશે,
તેવી સંભાવના છે!!!
ભરત વૈષ્ણવ

# ચૂંટણી પતે પછી પ્રચાર સામગ્રીનો સિતારો બુલંદ થશે!!

સ્થળ: ખખડધજ ગોડાઉન

પાત્રો:ફાટેલા, તૂટેલા, વળી ગયેલા, દંડા નીકળી ગયેલા,છેડે ફાટી ગયેલા,,બાકોરા પડી ગયેલા હોર્ડિંગ, પડદા, બેનર, ફલેકસ,તોરણ,ઝંડા,વગેરે વગેરે પ્રચાર સામગ્રી

( હવે વરસો પછી ઉના , ગરમ અને ફળફળતા નિસાસાની અપેક્ષા રાખી શરમાવશો નહીં!

નોંધ: અમારી સાથે બીપી, ડાયાબિટીસના દર્દીઓએ યાત્રા નહી. કોરોનાના કારણે નહીં પણ ધૂળ, ભેજ, બાબુને લીધે સ્વાસ્થ્યને હાનિ ન પહોંચે તે માટે માસ્ક પહેરવું!!

વિશેષ સૂચના: આ એક સંપૂર્ણ સાયલન્સ ઝોન હોઇ પંદર ડેસિબલથી વધુ શોરબકોર કરવો નહીં!!

પ્રકાશ: નળિયાંના છીદ્રોમાંથી ચળાઈને આવતો સૂર્ય પ્રકાશ સ્પોટ લાઇટની જેમ ચોક્કસ ચીજ ફોકસ કરે છે

સંગીત: રામ સે હોરરની થર્ડ કલાસ સસ્પેન્સના કંડમ મ્યુઝિક

ટીપ્પણ: વર્તમાનપત્ર દ્રશ્ય માધ્યમ છે. ટુ ડી છે. અમારો હાસ્યલેખ( લેખકડા તું શેનો પ્રકાર નક્કી કરે છે. કશુંક કદરદાન વાંચકો પર છોડ!!) થ્રીડી છે. જગતનો એકમાત્રપહેલો અને છેલ્લો લેખ છે!!

આટલી લાઘવયુકત ( કોણ હસ્યુ?લાઘવ આટલું પ્રલંબ છે તો વિગતપ્રચુર કેટલું પ્રપ્રલંબ હશે???)પ્રસ્તાવના સહ પ્રસ્તુત છે પ્રચારકોની વેદના!! પ્રચાર સામગ્રી અને પ્રચારકોના હાલ સેઈમ ટુ સેઈમ છે. બંને આહત છે!!સાલ્લું ભૂલભૂલમાં પણ જામી ગયું. સમજોને કે બગાસું ખાતાં પતાસું. )

કોઇ અંધારિયા ભંડકિયામાં બધાને નકામા સામાનની જેમ ખડક્યા હતા.

ભંડકિયું વિષુવવૃતીય ટ્રોપિકલ જંગલ જેવું અંધારિયું હતું. પ્રકાશનું એક કિરણ તો શું પ્રકાશબિંદુ પણ પ્રવેશી શકતું ન હતું.ભંડકિયાની ભેજવાળી દુર્ગંધ અસહ્ય હતી. અહીં કોઇ રડયુંખડયું આવે તો આવે. ચા-પાણી નાસ્તાનો ભાલ કોણ પૂછે??બધા એવરેસ્ટ-આલ્પસ પર્વત સાઇઝના ઉંડા પાતાળ જેવા નિસાસા નાંખતા હતા. કયાંસે કયાં હો ગયા બેવફા તેરે પ્યારમેં!!બધા મુની બદનામ હુઇ મોદી-કેજરી તેરે પ્યારમેં જેવો વિશ્વાસઘાતનો આઘાતનો પર્તાઘાત વેઠી રહ્યા હતા!! "એ જીંદગી કે મેલે દુનિયામેં કમ ન હોંગે, અફસોસ કમ ન હોંગે "ગીત ગણગણતા હતા!! જે ગગનગામી હતા એટલે ઉંચે ગગનને સ્પર્શતા હતા. એ બધા ભૂમિગત થઇ ગયા. હવામાં ઉડતા હતા તે જમીન દોસ્ત થઇ ગયા. કલ્પના જગતમાં વિહરનારાને એક દિવસ જમીનદોસ્ત ( જમીનના દોસ્ત નહીં પણ જમીન પર પડવું પડે છે.) દરેકને ચડતી પછી પડતી માટે તત્પર રહેવું જોઇએ. નહીંતર અમારા જેવી માઠી દશા થાય!! એકસમયે આખા શહેરમાં અમારો એકહથ્થુ , એકચક્રી , સામંતશાહી એકાધિકાર હતો.સામેવાળા અમારી સામે આંખ ઉંચી કરીને જોઇ શકતા ન હતા.એની હેસિયત ન હતી. આખું શહેર રાજ્યના પનોતા પુત્ર અને પપ્પુ વચ્ચે વહેંચાઈ ગયું હતું પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મનીના જોડતી બર્લિન દિવાલ તો કાળ ક્રમે ધ્વસ્ત થઇ પણ પ.પુ. અને પપ્પુ વચ્ચેની દિવાલ તૂટવાના બદલે ઉંચી થતી જ રહી.

કોઇને ખબર ન હતી કે ચૌરેચૌટેથી તેમની હકાલપટ્ટી શા માટે કરવામાં આવી??

" આખું શહેર માથે લીધું હતું. જાણે પોતે જ મહાન લીડર અને બાકી બધા છછુંદર!! " સાવરણી લગાવેલ હોર્ડિંગે બળાપો કાઢ્યો.

" જો , ભાઇ અમારે ત્યાં ટુકડે ટુકડે ગેંગનું કામ નથી. અમે ખાઇએ નહીં અને ખાવા ન દઇએ!! " એક રાષ્ટ્રવાદી હોર્ડિંગ અહંકારથી બોલ્યું.

" અમારું નામ લીધું છે તો એક હાથની અડબોથ મારીશ. આઝાદી સમયે બ્રિટિશરોની માફી માંગીને કામ ચલાવ્યું છે!! અમારું નામ લેવાનું નહીં!!" એક પરિવારવાદી પડદો બોલ્યો!

"અલ્યા ટોપાઓ તમે એકમેક પર કીચડ ઉછાળો, તલવારો તાણો, લડાઇ કરો તેમાં કેટલાકનો સ્વાર્થ છે.અહીંથી નીકળવા માટે વિચારો!! નહીતર અહીંયા પાળિયા થઇ જઇશું !!

આપણે રોડ પર હતા, હાઇ રાઇઝ બિલ્ડિંગની ટોચે હતા, આપણા ઉપર ફોકસ લાઇટ હતી. લોકો આપણને જોવા ડોક દુખાડતા હતા. આપણે એકમેકને કાતિલ નજરોથી જોતા હતા. રાતના અંધારામાં કમળ-હાથ-ઝાડુ વચ્ચે હાથાપાઇ થતી હતી. ટોચથી ખીણ પર ગબડ્યા. અહીં કેટલું બબડ્યા. વાલા મૂઇ ચૂંટણીના લીધે આપણે ગગન પરથી ધરા પર આવવું પડ્યું!! આપણા મેન્ટરો પણ આપણા પતનને સ્પાઇડરમેનની જેમ રોકી શકતા નહીં. ચૂંટણીનું નખ્ખોદ જાય . જેના લીધે પદભ્રષ્ટ સ્થાનભ્રષ્ટ થવું પડ્યું!!ચૂંટણી પતે પછી આપણા સિતારા પુનઃ બુલંદ થવાના છે.

પછી તો ચૂંટણીપંચ કે ચૂંટણીપ્રપંચ કે સરપંચ આપણો વાળ વાંકો કરી શકશે નહીં!!

ભરત વૈષ્ણવ

# શિવસેનાના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર, 'ક્યાં સુધી દોષનો ટોપલો કોંગ્રેસ પર ઢોળશો

## 'અમદાવાદમાં ભલે ઝૂલો ઝુલ્યા પરંતુ ચીનની દુશ્મનાવટમાં કોઈ ઘટાડો થયો નથી'

મુંબઇ,તા.૧૫

શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) એ પીએમ મોદીના નેતૃત્વ વાળી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે, પોતાના મુખપત્ર સામનામાં લખ્યુ કે ભાજપ સરકાર ક્યાં સુધી કોગ્રેસ પર માછલાં ધોતી રહેશે, ક્યારેક તો જવાબદારી લે ? ગલવાન અને તવાંગમાં ચીનની ઘુસણખોરીની ઘટનાને ટાંકતા સામનામાં લખે છે કે શું આ ઘટના માટે પણ કોગ્રેસ અને નેહરૂ જવાબદાર છે ? અરૂણાચલ પ્રદેશના તવાંગમાં ૯ ડિસેમ્બરે થયેલા ચીન દ્વારા ભારતીય સીમાં ઘુસણખોરી, બંને દેશોના સૈનિકો વચ્ચે અથડામણ બાદ બંને દેશના સૈન્ય અધિકારીઓની મધ્યસ્થી બાદ ચીની સૈનિકો પરત ફર્યા હતા. તેના પર શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં ભારતીય સેનાની બહાદુરીની પ્રશંસા કરી છે પરંતુ કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

શિવસેનાએ સામનામાં લખ્યું છે કે, '૨૦૧૪થી દેશમાં તમારું એક હથ્થું શાસન છે. તમે ભારતને તમામ ક્ષેત્રોમાં મહાસત્તા બનાવવાની તૈયારીનો ઢોલ પીટ્યા છે. છતા પણ પાકિસ્તાન કે ચીનના કુકર્મો ચાલુ છે? બે વર્ષ પહેલા ગલવાન હુમલામાં આપણા ૨૦ જવાનો શહીદ થયા હતા. હવે તવાંગમાં થયેલા હુમલામાં ભારતનાં કેટલાક જવાન ઘાયલ થયા છે. શું આ માટે કોગ્રેસ સરકારોને પણ જવાબદાર ઠેરવવી જોઈએ?

સામનામાં લખવામાં આવ્યું છે કે, ચીને તાજેતરમાં લદ્દાખ, કાશ્મીર, સિક્કિમથી અરુણાચલ પ્રદેશ સુધીની સરહદ પર કેટલાક કૃત્રિમ ગામો બનાવ્યા છે. સરહદી વિસ્તારોમાં રસ્તા, પુલ, રેલ્વે લાઇન, હેલીપેડ, એરપોર્ટ જેવી પાયાની સુવિધાનું માળખું ઉભુ કર્યું છે. તિબેટ હોય કે ભૂટાન, સિક્કિમ હોય કે અરુણાચલ પ્રદેશ,ડ્રેગન આ સમગ્ર પ્રદેશને પચાવી પાડવાના પ્રયાસો છેલ્લા આઠ વર્ષથી બંધ થયા નથી.

અમદાવાદ આવેલા ત્યારે ઝુલા પર ઝુલેલા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે વિસ્તરણવાદી નીતિ અને દુશ્મનાવટ ઓછી થઇ નથી.

શિવસેનાએ સવાલ ઉઠાવ્યો છે કે, 'હવે જે યાંગ્ત્સે પોઈન્ટ પર અથડામણ થઈ હતી, ત્યાં ઓક્ટોબર ૨૦૨૧માં પણ ચીની અને ભારતીય સેના વચ્ચે અથડામણ થઈ હતી. ત્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ? ગયા વર્ષથી પાકિસ્તાન અને ચીન તરફથી ડ્રોનની ઘૂસણખોરી વધી છે. તો પછી આ 'ઉડતા આતંકવાદ' માટે કોને જવાબદાર ઠેરવવા જોઈએ.

શિવસેનાનું કહેવું છે કે, 'ચીની સેના સરહદ પરથી હટવા તૈયાર નથી.

આ વાત આપણા સેના પ્રમુખે સ્વીકારી છે. તેનાથી સરહદ પર તણાવ વધી શકે છે. તેમણે આ અંગે ચેતવણી પણ આપી હતી. જે માત્ર એક મહિનામાં જ સાચી સાબિત થઈ રહી છે. તેની જવાબદારી વર્તમાન સરકારની છે કે અગાઉની સરકારની? ચીને ડેપ્લાંગમાં ન્છઝ બોર્ડરથી થોડા કિલોમીટરની અંદર ૨૦૦ થી વધુ બેઝ પર કેમ્પ નાખ્યો છે. સરકાર મૌન છે. કેન્દ્ર સરકાર 'સત્તા' માટે જેટલી ગંભીર છે એટલી જ દેશની 'સરહદ' રહે તો, પાકિસ્તાન અને ચીન જેવા દેશ નજર ઉપાડી ભારત તરફ ન જોઇ શકે.

## કોંગ્રેસમાં આપણે પરિવારની પૂજા કરીએ છીએ અને ભાજપમાં આપણે રાષ્ટ્રની પૂજા કરીએ છીએ :આસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા

ગોવાહાટી,તા.૧૫

કોંગ્રેસમાંથી ભારતીય જનતા પાર્ટીમાં આવેલા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે તેઓ આસામમાં ૫૦ ટકા કોંગ્રેસ ચલાવે છે. તેમણે ખુલાસો કર્યો કે કોંગ્રેસના ઘણા નેતાઓ તેમના મિત્રો છે અને તેઓ તેમની પાસે સલાહ લેવા આવે છે. સરમાએ કહ્યું કે મેં કોંગ્રેસમાં ૨૨ વર્ષ વિતાવ્યા છે. ભલે હું અત્યારે ભાજપમાં જોડાઈ ગયો છું, પરંતુ તેમની સાથેનો મારો સંબંધ રાતોરાત ખતમ નહીં થાય. મારા ઘણા મિત્રો અને યુવાનો છે જેમને હું રાજકારણમાં લાવ્યો છું. તેમણે મારી પાસે સલાહ માગી અને તેના માટે મે ફી નથી લીધી.

એક ચેનલ સાથે વાત કરતા સરમાએ કોંગ્રેસની 'ભારત જોડો યાત્રા' વિશે વાત કરતા કહ્યું કે શું તમને નથી લાગતું કે કોઈપણ ચૂંટણીમાં તમારે તમારા મુખ્ય વિપક્ષની વાત કરવી જોઈએ? આસામમાં હવે ચૂંટણી નથી તો રાહુલ ગાંધીની વાત શા માટે કરવી? તે આગળ કહે છે કે તેણે આસામમાં ભારત જોડો યાત્રા કરવી જોઈએ. આમાં ખોટું શું છે, જે રીતે અમે મહારાષ્ટ્રના મંત્રીઓને સુરક્ષા આપી છે, તે જ રીતે અમે તેમને સુરક્ષા આપી રહ્યા છીએ? ખડગે આવતીકાલે આવી રહ્યા છે અને અમે તેમને પણ સુરક્ષા પુરી પાડી રહ્યા છે.

કોંગ્રેસ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે તે અરુણાચલ પ્રદેશના તવાંગમાં ૯ ડિસેમ્બરે ચીન સાથેની અથડામણને લઈને સંસદમાં તમાશો બનાવવા માંગે છે. આ મુદ્દા પર વધુ ચર્ચા થવી જોઈએ નહીં અને જાહેરમાં તેની વધુ ચર્ચા કરવી જોઈએ નહીં કારણ કે જ્યારે તમે આવી બાબતોની ચર્ચા કરો છો, ત્યારે ચીનીઓ પણ ચર્ચાને ધ્યાનથી સાંભળશે અને તેઓ આ ચર્ચાઓના આધારે વ્યૂહરચના બનાવશે.

શર્માએ કહ્યું કે આવા નાજુક સમયે વિપક્ષ માટે આ ચર્ચાને એક લીટીમાં ખતમ કરી દે તે સારું છે કે અમે અમારી સેના સાથે ઉભા છીએ. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સરમાએ કહ્યું હતું કે મેં મારા જીવનના ૨૨ વર્ષ કોંગ્રેસમાં વેડફ્યા. કોંગ્રેસમાં આપણે પરિવારની પૂજા કરીએ છીએ અને ભાજપમાં આપણે રાષ્ટ્રની પૂજા કરીએ છીએ.

# અરવિંદ કેજરીવાલની કેન્દ્ર સરકાર પાસે માંગ ,ચીન સાથેનો વેપાર બંધ કરવામાં આવે

### દિલ્હીમાં કેટલાક વેપારીઓએ ખાંડની આયાત પર પ્રતિબંધની માંગ સાથે કનોટ પ્લેસ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું

નવીદિલ્હી,તા.૧૫

બે વર્ષ પહેલા જયારે ગલવાનમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી ત્યારે ચીન સામે લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. તવાંગની ઘટના બાદ હવે દેશમાં આવો જ માહોલ સર્જાઈ રહ્યો છે. ચાઈનીઝ સામાનનો બહિષ્કાર કરવાની માંગ ઉઠી છે. આ માંગણી કેટલી વ્યવહારુ છે તે અલગ વાત છે, પરંતુ દેશના અનેક શહેરોમાં ઉદ્યોગપતિઓ રસ્તા પર આવીને ચીનની કમર તોડવા માટે વેપાર બંધ કરવો જરૂરી હોવાનું જણાવી રહ્યા છે. દિલ્હીમાં કેટલાક વેપારીઓએ ખાંડની આયાત પર પ્રતિબંધની માંગ સાથે કનોટ પ્લેસ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. હવે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર પાસે માંગ કરી છે કે, ચીન સાથેનો વેપાર બંધ કરવામાં આવે.

એક ટ્વીટમાં કેજરીવાલે લખ્યું, 'આપણે ચીન સાથેનો વેપાર કેમ બંધ ન કરીએ? ચીનમાંથી આયાત થતો મોટાભાગનો માલ ભારતમાં બને છે. તેનાથી ચીનને પાઠ મળશે અને ભારતમાં રોજગારી મળશે. કનોટ પ્લેસમાં એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા દિલ્હીના એક બિઝનેસમેને કહ્યું કે, ભારત ચીનના સામાન માટે સૌથી મોટું બજાર છે અને ભારત ૧૪ ટકા સામાન ચીન પાસેથી ખરીદે છે. એક તરફ ચીન આપણી પાસેથી અબજો ડોલરની કમાણી કરી રહ્યું છે અને તે જ નાણાંનો સરહદ પર આપણી સેના સામે દુરુપયોગ કરી રહ્યું છે. તેમણે કહ્યું, 'અમે ભારત સરકારને કહેવા માંગીએ છીએ કે ચીન સાથેનો વેપાર અચાનક બંધ ન કરી શકાય, તેથી સરકારે લાંબા ગાળાની યોજના બનાવવી જોઈએ.'કેજરીવાલનું ટ્વીટ આવતાની સાથે જ લોકોએ પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કર્યું. કેટલાક લોકોએ લખ્યું કે, અગાઉની સરકારોએ ચીન સાથે વેપાર વધાર્યો હતો, જેને ર્સ મોદી સરકારે ઘટાડી દીધો છે. નિશાંતે લખ્યું છે કે, મેક ઈન ઈન્ડિયા જેવી પહેલનો હેતુ દેશને આત્મનિર્ભર બનાવવાનો છે. બાકી અમારી સેના જડબાતોડ જવાબ આપી રહી છે.

જો કે, ભારતમાં ચીનની ઘૂસણખોરી કેટલી છે, સમજી લો કે ૨૦૦૩-૦૪માં ચીનથી ભારતની આયાત લગભગ ૫ અબજ ડોલર હતી. ૨૦૧૩-૧૪માં આયાત વધીને ૫૧ બિલિયન ડૉલર અને ૨૦૨૧-૨૨માં ૯૪ બિલિયન ડૉલર થઈ. આ સરકારી આંકડા પોતે જ કહી રહ્યા છે કે, ચીનમાંથી આયાત કેવી રીતે વધી રહી છે.

જે દિવસે તવાંગમાં અથડામણના સમાચાર આવ્યા, એ જ દિવસે સરકારે સંસદમાં કહ્યું કે ભારતમાં ૩૫૬૦ કંપનીઓ એવી છે જેમાં ચીની ડિરેક્ટર છે. કોર્પોરેટ બાબતોના રાજ્ય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહે લોકસભામાં જણાવ્યું હતું કે, દેશમાં ૧૭૪ ચીની કંપનીઓ છે જે ભારતમાં કામ કરવા માટે મંત્રાલયમાં વિદેશી કંપનીઓ તરીકે નોંધાયેલી છે. તેમણે કહ્યું, 'કોર્પોરેટ ડેટા મેનેજમેન્ટના ડેટા અનુસાર, ભારતમાં ૩૫૬૦ કંપનીઓ એવી છે કે જેમાં ચીની ડિરેક્ટર્સ છે.'

પૂર્વી લદ્દાખના મડાગાંઠને પગલે ભારત લગભગ ૩,૫૦૦-દ્ભ-લાંબા એલએસી સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને વેગ આપી રહ્યું છે. અમેરિકા સાથે ભારતની વધતી જતી નિકટતાથી ચીન પણ પરેશાન છે. તવાંગ અથડામણમાં બંને પક્ષના સૈનિકો ઘાયલ થયા હતા. સોમવારે દિલ્હીના ઝસ અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, આપણા જવાનો દેશનું ગૌરવ છે. તેમણે કહ્યું, 'આપણા સૈનિકો દેશનું ગૌરવ છે. હું તેમની બહાદુરીને સલામ કરું છું અને તેમની જલ્દી સ્વસ્થતા માટે ભગવાનને પ્રાર્થના કરું છું.'

# ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશની અમેઠી લોકસભા બેઠક પરથી લડશે

### ૨૦૧૯ પહેલા સુધી નહેરૂ-ગાંધી પરિવારનો આ ગઢ માનવામાં આવતો હતો

નવીદિલ્હી,તા.૧૫

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશની અમેઠી લોકસભા બેઠક પરથી લડશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ પહેલા સુધી નહેરૂ-ગાંધી પરિવારનો આ ગઢ માનવામાં આવતો હતો. આ દાવો ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસના નેતા અજય રાય દ્વારા કરવામાં આવ્યો છે. અજય રાય ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ છે, તેમણે જણાવ્યું હતું કે, તેમની અમેઠીના લોકોને અપીલ છે કે, રાહુલ ગાંધીને મોટા માર્જીનથી જીતાડીને સંસદમાં મોકલો.૨૦૧૯ લોકોસભાની ચૂંટણીમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે ચૂંટણી હારતા પહેલા સુધી રાહુલ ગાંધી સતત ૩ વાર લોકસભામાં અમેઠીનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. હાલ તેઓ કેરળની વાયનાડ લોકસભા બેઠક પરથી સાંસદ છે.ઉત્તર પ્રદેશ કોંગ્રેસના નેતા અજય રાયે અમેઠીમાંથી રાહુલના ચૂંટણી લડવા અંગે વાત કરતા પત્રકારોને જણાવ્યું હતું કે, અમેઠીમાં ગાંધી-નેહરુ પરિવારનો જૂનો સંબંધ છે. આ સંબંધને કોઈ નબળો પાડી શકે નહીં. રાહુલ ગાંધી ૨૦૨૪માં અમેઠીથી ચૂંટણી લડશે.



આ પહેલા કોંગ્રેસના કોઈપણ નેતાએ રાહુલના અમેઠીથી આગામી ચૂંટણી લડવા અંગે કોઈ નિવેદન આપ્યું નથી. રાહુલે ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪માં અમેઠીથી લોકસભા ચૂંટણી જીતી છે. જોકે, ૨૦૧૯ માં તેઓ ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે હારી ગયા હતા.રાહુલ ગાંધી પહેલા તેમની માતા સોનિયા ગાંધી અને પિતા રાજીવ ગાંધી પણ અમેઠી લોકસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે.અજય રાયે પોતે ૨૦૧૪ અને ૨૦૧૯ માં વારાણસીથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બંને વખત ભારે માર્જિનથી પરાજય થયો હતો.રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા અંગે તેમણે જણાવ્યું છે કે, તે આવતા વર્ષે ૩ કે ૪ જાન્યુઆરીએ ઉત્તર પ્રદેશમાં પ્રવેશ કરશે. કોંગ્રેસની આ યાત્રા હાલ રાજસ્થાનમાં છે.ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસની ભારત જોડો યાત્રા પહોંચે તે પહેલા ૬ પ્રદેશોમાં આવી જ પ્રદેશ યાત્રા કાઢવામાં આવી રહી છે. દરેક પ્રદેશ માટે અધ્યક્ષની નિમણૂક કરવામાં આવી છે.૧૧ ડિસેમ્બરના રોજ, રાયના નેતૃત્વમાં સમાન પ્રાદેશિક યાત્રા પ્રયાગરાજથી શરૂ થઈ હતી, જે કૌશામ્બી અને પ્રતાપગઢ થઈને બુધવારના રોજ અમેઠી પહોંચી હતી. આ પ્રસંગે તેમની સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રદીપ સિંઘલ અને પૂર્વ એમએલસી દીપક સિંહ પણ હાજર હતા. અમેઠી બાદ પ્રાદેશિક યાત્રા સુલતાનપુર પહોંચશે અને બાદ જૌનપુર, મિર્ઝાપુર, ચંદૌલી, ભદોહી, સોનભદ્રમાંથી પસાર થશે અને અંતે ૨૨ ડિસેમ્બરના રોજ વારાણસીમાં સમાપ્ત થશે.અજય રાયનો આરોપ છે કે, ઉત્તર પ્રદેશમાં ભાજપ સરકારના કાર્યકાળ દરમિયાન દરેક જગ્યાએ તણાવ છે. તેમણે આરોપ લગાવ્યો કે, વેપારીઓ તેમની દુકાનો છોડીને ભાગી રહ્યા છે.રાહુલજીએ જીએસટીને ગબ્બર સિંહ ટેક્સ કહ્યો હતો, આજે તે સાચો સાબિત થયો છે. જીએસટીને લઈને વેપારીઓમાં ભય છે. જે વેપારીઓ લાંબા સમયથી ભાજપને સમર્થન આપી રહ્યા હતા, તેઓને હેરાન કરવામાં આવી રહ્યા છે. તેમણે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આરોપ લગાવ્યો કે, મુખ્યમંત્રી કહે છે કે, ચોરો સામે કાર્યવાહી થવી જોઈએ. તેનો અર્થ એ છે કે, આજે વેપારીઓ 'ચોર' બની ગયા છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG SS NO 128.
સાહિત્ય સરિતા
વિભાગ:પધ
વિષય:સહેલગાહ .
શીર્ષક:જિંદગી
શબ્દ સંખ્યા: ૮૭ .
રચના....

સહેલગાહ .
હું જિંદગીની ભાગદોડમાં
સહેલ કરતી જાઉં છું.
જુદા મનેખને જુદી જગ્યાએ
મુકામ કરતી જાઉં છુ.
સફરમાં સીધા કે વળાંકમય
મારગ પર ચાલતી જાઉં છુ.
ક્યાંક અમૃત તો ક્યાંક વિષપાન
કરતી જાઉં છું.
સમુદ્રની લહેરોની જેમ ઉછળતી જાઉં છું.
શાંત સરોવર કાંઠે બેસતી જાઉં છુ.
જિંદગીની સહેલ છે આકરી, તેને
સરળ કરતી જાઉં છું.
સહેલમાં ઓછા સામાનની મજા
માણતી જાઉં છું.
સહેલનાં અંતિમ પડાવ સુધી મોજ કરતી જાઉં છું.
સહેલમાં
મારાથી કોઈનું દિલ
દુ:ખાયુ હોય તો અંતરથી ક્ષમા
યાચી જાઉં છું.
કિર્તી પારેખ.

-----------------------------------------------

NOG SS No : 109
શિર્ષક :-સહેલગાહ /બાબુ સંગાડા 'મહેક'
પ્રકાર :-પધ
હું જગ વચ્ચે અસ્તિત્વ શોધવા
નીકળી પડયો કે વનો,સ્કંધરા
જયાં અઠંગ પલાઠીવાળી બેઠા
કેટલાક રોજ સૂરજ ઉગવાની રાહ જોતા
ખંખેરી આંખો.
રાતભર છલોછલ હોય આંખો
ધાંધળું દેખાતું હોય
જાણે કોઈ પાટા બાંધી
આસપાસ ફરતી રહે છે છાયા.
મે હાથમાં ફાનસ લીધી છે
મશાલ તૈયાર રાખી છે
લાકડી કાખમાં ભેરવી છે
ને પૂર્વથી પશ્ચિમ તરફ નીકળ્યો છું.
ચાદર જેમ ખંખેરી પોટલું બાંધી
રોજ ચાલતા પગલા
જીવન ઉંચકી કયાં ના કયાં જાય છે
ત્યારે લાકડી ઠોકી એક છાયા સામે ખડી થાય
જાણે પહાડ ઉભો ના હોય ?
એને તપાવવી છે
જગાડવી છે
એ સ્વયં ઉભી થઈ જાય તો ઘણું મારા પ્રયત્નોથી
ભલે મારું અસ્તિત્વ ના રહે તો ચાલશે.
મારી સહેલ તેમના તૂટયા ફાટયા
ઘરમાંથી સરકે તો ઘણું.

# કાશ્મીરમાં સતત હિમવર્ષાને કારણે તાપમાન માઈનસમાં, દિલ્હી-યુપી સહિત ઉત્તર ભારતમાં ઠંડી વધી

નવીદિલ્હી,તા.૧૫

હવામાનની પેટર્ન સતત બદલાતી રહે છે. ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં ઠંડીની અસર દેખાવા લાગી છે. ડિસેમ્બર મહિનાનો અડધો સમય પસાર થઈ ગયો છે અને દેશના મેદાની વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. પહાડો પર થઈ રહેલી હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં તાપમાનનો પારો નીચે આવી ગયો છે અને ઠંડી પડવા લાગી છે. બીજી તરફ દક્ષિણના અનેક રાજ્યોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં દિવસ દરમિયાન ખૂબ સૂર્યપ્રકાશને કારણે તાપમાનનો પારો વધી રહ્યો છે, જ્યારે રાત્રે ઠંડીના કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. દિવસ દરમિયાન સૂર્યપ્રકાશના કારણે મહત્તમ તાપમાનમાં પાંચથી સાત ડિગ્રીનો વધારો જોવા મળી રહ્યો છે જ્યારે રાત્રિના સમયે લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઘણા રાજ્યોમાં હળવા વાદળો આવવાની સંભાવના છે. મોટાભાગના સમય માટે હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે. આ દરમિયાન ૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જેના કારણે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતા પહેલાની સરખામણીએ સાંજથી જ ઠંડીમાં વધારો થશે.

જમ્મુ-કાશ્મીરમાં સતત હિમવર્ષાના કારણે તાપમાન માઈનસમાં છે. ઘણા વિસ્તારોમાં ધુમ્મસ પણ જોવા મળી રહ્યું છે. શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. બીજી તરફ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી હિમવર્ષા ચાલુ છે. તાપમાનનો પારો ગગડવાને કારણે શિયાળો ઘણો વધી ગયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અહીં ઠંડી વધવાની શક્યતા છે.

# નેહરુ સિગારેટ પીતા હતા, ગાંધીજીનો દીકરો પણ નશો કરતો હતો: કેન્દ્રીય મંત્રીનો વીડિયો વાયરલ થયો

ભરતપુર,તા.૧૫

પંડિત જવાહર લાલ નેહરુ અને મહાત્મા ગાંધીને લઈને કેન્દ્રીય મંત્રીનું એક નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે દાવો કર્યો છે કે, નેહરુ નશો કરતા હતા. રાજસ્થાનના ભરતપુરમાં આયોજીત નશા મુક્તિ જાગરણ અભિયાન કાર્યક્રમને સંબોધન કરતા કેન્દ્રીય આવાસ અને શહેરી કાર્ય રાજ્યમંત્રી કૌશલ કિશોરે કહ્યુ કે, દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહર લાલ નેહરુ નશો કરતા હતા. એટલું જ નહીં તેમણે તો મહાત્મા ગાંધીજીના દીકરાને લઈને પણ આવો દાવો કર્યો હતો. ન્યૂઝ એજન્સી એએનઆઈને તેનો વીડિયો જાહેર કર્યો છે.વાયરલ વીડિયોમાં કેન્દ્રીય આવાસ અને શહેરી કાર્ય રાજ્યમંત્રી કૌશલ કિશોર કહે છે કે, જવાહર લાલ નહેરુજી નશો કરતા હતા, સિગરેટ પીતા હતા અને મહાત્મા ગાંધીનો એક દીકરો નશો કરતો હતો. જો આપ વાંચશો તો ખબર પડશે. આવી રીતે નશાની દુનિયાએ સમગ્રપણે આપણા દેશ પર કબ્જો કરી લીધો. અમારી અપીલ છે કે, નશાને લઈને થનારા દરેક નુકસાનને લઈને લોકોમાં જેટલો ડર ઊભો થશે, જે રીતે ઝેરની દુકાન હોતી નથી, તેવી જ રીતે નશાની પણ દુકાન બંધ થવી જોઈએ.

હકીકતમાં કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોર મોટા ભાગે નશા વિરુદ્ધ અવાજ ઉઠાવતા રહ્યા છે. તેમના ટ્વિટર હેંડલ પર નજર કરશો, તો ખબર પડશે કે, તેઓ હંમેશા લોકોને નશા વિરુદ્ધ જાગૃક કરતા રહે છે. હાલમાં દિવસોમાં કૌશલ કિશરે ટ્વિટર કરીને લોકોને નશો છોડવાની અપીલ કરી હતી. કૌશલ કિશોરે ટ્વિટ કર્યું હતું કે, હું ખુદ સાંસદ છું, મારી પત્ની ધારાસભ્ય હોવા છતાં પણ મારા દીકરાની જિંદગી નશાથી બચાવી શક્યા નહીં, પણ હું ઈચ્છુ છું કે, હવે કોઈ પણ મા અને પિતા પોતાના બાળકોને નશાના કારણે ખોવે નહીં.

# રેલ્વે ફાટક પર રીલ બનાવવી પડી ભારે....યુવતી સહિત ટ્રેનની અડફેટે આવતાં 3 વ્યક્તિના મોત થયાં

ગાઝિયાબાદ,તા.૧૫

ગાઝિયાબાદમાં ટ્રેનની ટક્કરથી ૩ લોકોના મોત થયા છે. જેમાં બે યુવક અને એક યુવતીનો સમાવેશ થાય છે. આ લોકો રેલ્વે ટ્રેક પર રીલ બનાવવા ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ઝડપભેર આવતી ટ્રેનની ટક્કરથી ત્રણેયના મોત થયા હતા. વાસ્તવમાં, આ ઘટના ગાઝિયાબાદના મસૂરી પોલીસ સ્ટેશન વિસ્તારના કલ્લુ ગઢી રેલવે ફાટક પાસે રેલવે ટ્રેક પર બની હતી.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, બુધવારે રાત્રે લગભગ ૯ વાગ્યે કલ્લુગઢી ફાટક અને ડાસના સ્ટેશન વચ્ચે અકસ્માત થયો હતો. પદ્માવત એક્સપ્રેસ ગાઝિયાબાદથી મુરાદાબાદ જઈ રહી હતી. ટ્રેનના લોકો પાયલોટે જણાવ્યું કે ટ્રેનના પાટા પર ત્રણ યુવક અને યુવતીઓ ઉભા હતા. તેના મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલુ હતી, જેના કારણે એવું લાગી રહ્યું હતું કે તે વીડિયો શૂટ કરી રહ્યો છે. પાયલોટે ઘણી વખત હોર્ન પણ વગાડ્યું, પરંતુ તે આગળ વધ્યો નહીં અને ટ્રેનની અડફેટે આવી ગયો. પોલીસે જણાવ્યું કે મૃત્યુ પામેલા વ્યક્તિના મોબાઈલની ડિસ્પ્લે સ્ક્રીન તૂટી ગઈ હતી, પરંતુ તે કામ કરી રહી હતી.આ મોબાઈલ દ્વારા મૃતકની ઓળખ ૨૫ વર્ષીય શકીલ ઉ. બશીર તરીકે થઈ હતી. તે મસૂરીના ખાચા રોડનો રહેવાસી હતો અને ટેક્સી ચલાવતો હતો, પરંતુ અન્ય બે મૃતકોની ઓળખ થઈ શકી નથી. પોલીસના જણાવ્યા અનુસાર, લોકો પાયલટે પોલીસને મોકલેલા મેમોમાં તેણે વીડિયો બનાવવા માટે ટ્રેનમાંથી કપાઈ જવાની વાત લખી છે. ડીસીપી ગ્રામીણ ઝોન ડો. ઈરાજ રાજાએ જણાવ્યું કે સ્ટેશન માસ્તર પાસેથી માહિતી મળી હતી કે કલ્લુ ગઢી રેલ્વે ટ્રેક પર એક યુવતી અને બે યુવકો દ્વારા રીલ બનાવવામાં આવી રહી છે.હાઈ સ્પીડ પદ્માવત એક્સપ્રેસ ટ્રેનની ટક્કરથી ત્રણેયના મોત થયા છે.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# ઓપ્શનમાં રૂ.૮૪,૩૫૩ કરોડનું રેકોર્ડ ટર્નઓવર નોંધાયુ: ક્રૂડ તેલના ઓપ્શન્સમાં ઉચ્ચતમ કામકાજ

### એમસીએક્સ પર નોંધાયું રૂ.૧.૧૪ લાખ કરોડનું સીટીટી બાદનું સૌથી વધુ ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલ વધ્યુ: કોટનના વાયદામાં ગાંસડીદીઠ રૂ.૨૦૦નો ઘટાડો: નેચરલ ગેસ પણ ઢીલુ: મેન્થા તેલમાં સુધારો

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવાર, ૧૩ ડિસેમ્બરના રોજ રૂ.૧.૧૪ લાખ કરોડનું સીટીટી લાગુ થયા બાદનું સૌથી વધુ ટર્નઓવર નોંધાયું હતું. આ સાથે જ કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કુલ રૂ.૮૪,૩૫૩ કરોડનું રેકોર્ડ નોશનલ ટર્નઓવર જોવા મળ્યું હતું, જ્યારે ક્રૂડ તેલના ઓપ્શન્સમાં રૂ.૭૨,૮૨૨ કરોડનાં ઉચ્ચતમ કામકાજ નોંધાયા હતા, જે દર્શાવે છે કે ટ્રેડરો કોમોડિટી વાયદા અને ઓપ્શન્સનાં ટ્રેડિંગમાં વિશેષ રસ દાખવી રહ્યા છે.

દરમિયાન, બુધવાર, ૧૪ ડિસેમ્બરના રોજ સાંજે પાંચ વાગ્યે પૂરા થતાં પ્રથમ સત્ર સુધીમાં ૩,૫૧,૧૩૫ સોદાઓમાં કુલ રૂ.૨૮,૪૫૮.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૫૮૫.૨૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૯,૮૫૩.૦૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૯,૮૮૦ સોદાઓમાં કુલ રૂ.૩,૮૭૭.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૪,૭૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૮૯૦ અને નીચામાં રૂ.૫૪,૫૮૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૯ ઘટી રૂ.૫૪,૬૮૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૬ વધી રૂ.૪૩,૮૯૧ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૫,૩૯૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪,૪૪૯ના ભાવે ખૂલી, રૂ.૨૭ ઘટી રૂ.૫૪,૩૪૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૮૬૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૨૧૭ અને નીચામાં રૂ.૬૮,૭૨૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૫ વધી રૂ.૬૮,૮૩૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૨ વધી રૂ.૬૮,૭૮૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૯ વધી રૂ.૬૮,૭૮૨ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૩,૬૫૧ સોદાઓમાં કુલ રૂ.૩,૧૮૦.૫૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૨૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૩૦૯ અને નીચામાં રૂ.૬,૨૦૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૫ વધી રૂ.૬,૨૮૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૯.૫૦ ઘટી રૂ.૫૪૨.૧૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૭૮ સોદાઓમાં રૂ.૩૧.૨૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૬૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૧,૭૦૦ અને નીચામાં રૂ.૩૧,૪૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૦ ઘટી રૂ.૩૧,૪૭૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૨૦ વધી રૂ.૧૦૦૪.૫૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૨૫.૭૦ કરોડનાં ૨,૯૭૦.૩૧૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૨૫૧.૮૫ કરોડનાં ૩૨૬.૩૮૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯૦૦.૮૦ કરોડનાં ૧,૪૩૯,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨,૨૮૦ કરોડનાં ૪૧૬૪૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૦.૬૮ કરોડનાં ૬૫૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૦.૫૯ કરોડનાં ૧૦૪.૭૬ ટનના વેપાર થયા હતા.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૦.૦૭ કરોડનાં ૨૬૨ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૫,૩૨૮ના સ્તરે ખૂલી, ૩ પોઈન્ટ ઘટી ૧૫,૩૦૩ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૯,૮૫૩.૦૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૬૪.૭૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૯.૭૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫,૨૬૩.૨૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૮૧૨.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૪૩.૧૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૭૯.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૪.૩૦ અને નીચામાં રૂ.૬૬ રહી, અંતે રૂ.૧૦.૪૦ વધી રૂ.૯૬.૯૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૩.૩૫ અને નીચામાં રૂ.૧૫.૭૫ રહી, અંતે રૂ.૮.૯૫ ઘટી રૂ.૧૬.૮૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૪ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૪.૫૦ અને નીચામાં રૂ.૨૦૫ રહી, અંતે રૂ.૧૦ વધી રૂ.૨૧૩.૫૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૫૦ અને નીચામાં રૂ.૨૦૦ રહી, અંતે રૂ.૨૧.૫૦ વધી રૂ.૨૧૮.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૨,૨૯૦ અને નીચામાં રૂ.૨,૦૭૫.૫૦ રહી, અંતે રૂ.૨ વધી રૂ.૨,૧૧૨ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૬.૯૦ અને નીચામાં રૂ.૫૫.૯૦ રહી, અંતે રૂ.૨૨.૬૦ ઘટી રૂ.૬૩.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૨.૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૧ અને નીચામાં રૂ.૨૮.૭૫ રહી, અંતે રૂ.૧૩.૨૫ વધી રૂ.૩૯.૮૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૭ અને નીચામાં રૂ.૧૦૦ રહી, અંતે રૂ.૫ ઘટી રૂ.૪૫૩.૫૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪ ખૂલી, ઊપરમાં રૂ.૨૭.૫૦ અને નીચામાં રૂ.૨૦ રહી, અંતે રૂ.૬.૫૦ વધી રૂ.૨૬ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૪૮.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૯૭ અને નીચામાં રૂ.૯૯૫ રહી, અંતે રૂ.૧૫ ઘટી રૂ.૧,૦૮૧ થયો હતો.

# છપરામાં અનેક મોત બાદ સીએમ નીતીશે કહ્યું, 'દારૂ પીનાર મરી જશે, એ નવી વાત નથી'



પટણા,તા.૧૫

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજ્યમાં નકલી દારૂના કારણે થયેલા મોત અંગે અત્યંત અસંવેદનશીલ નિવેદન આપ્યું છે. રાજધાની પટનામાં મીડિયા સાથે વાત કરતા સીએમ નીતિશે કહ્યું કે જે કોઈ નકલી દારૂ પીશે તે મરી જશે, આમાં કંઈ નવું નથી. નીતિશ કુમારે કહ્યું, 'શરૂઆતથી જ લોકો ઝેરી દારૂથી મૃત્યુ પામે છે, અન્ય રાજ્યોમાં પણ લોકો ઝેરી દારૂથી મૃત્યુ પામે છે. આવી સ્થિતિમાં લોકોએ પોતે પણ સાવચેત રહેવું જોઈએ કારણ કે જ્યારે દારૂબંધી હશે ત્યારે માત્ર ખરાબ દારૂ જ મળશે, જે દારૂ પીશે તેનું મૃત્યુ ચોક્કસ થશે. આ અંગે સંપૂર્ણ કાર્યવાહી કરવામાં આવશે.બિહારમાં દારૂ માફિયા સક્રિય છે. રાજ્યમાં સમયાંતરે નકલી દારૂના કારણે થતા મોતને કારણે સરકાર વિપક્ષ ખાસ કરીને ભાજપના નિશાના પર છે. અત્યાર સુધીમાં અનેક મોત થયા છે. બુધવારે, વિધાનસભામાં, નીતિશ કુમારે રાજ્યમાં દારૂબંધી અને નકલી દારૂના કારણે થતા મૃત્યુ અંગે નિવેદનો આપતી વખતે ભાજપના નેતાઓ પર આકરા પ્રહારો કર્યા હતા.બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા વિજય કુમાર સિન્હાએ નકલી દારૂના કારણે મૃત્યુનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે મુખ્ય પ્રધાન નીતિશ કુમાર ગૃહમાં ગુસ્સે થઈ ગયા. ત્યારે નીતિશે કહ્યું તમને શું થયું છે. શું પ્રતિબંધના પક્ષમાં નહોતા?નીતિશ કુમારના આબકારી મંત્રી સુનીલ કુમારે દારૂબંધી પર આવું અસંવેદનશીલ નિવેદન આપ્યું હતું. નકલી દારૂના કારણે થયેલા મોત અંગે રાજ્યના નશાબંધી મંત્રી સુનિલ કુમારે કહ્યું, 'જ્યારે દારૂ પર પ્રતિબંધ છે, ત્યારે દારૂનું સેવન ખોટું છે. તે ગેરકાયદેસર છે, પોસ્ટ મોર્ટમ બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે. કાયદો બન્યો, અમે ૨૦૧૬માં પસાર કર્યો, પરંતુ કાયદો પણ ૧૦૦ વર્ષ પહેલા અંગ્રેજોએ બનાવ્યો હતો, પરંતુ આજે પણ ચોરી અને હત્યાની ઘટનાઓ બનતી રહે છે. જેઓ કાયદાનું પાલન કરે છે તેને કાયદો પાળે છે. પરંતુ કાયદો તોડનારા લોકો પણ સમાજમાં ઓછા નથી.નકલી શરાબથી થતા મોત પર બયાનબાજી ચાલુ છે. આ એપિસોડમાં રાજ્યના ઉદ્યોગ મંત્રી સમીર મહાસેઠે પણ એક વિચિત્ર નિવેદન આપ્યું છે. તેમણે લોકોને શરીરની શક્તિ વધારવાની સલાહ આપી છે. હાજીપુરમાં તેમણે કહ્યું, 'બિહારમાં ગેરકાયદેસર રીતે ઝેર નથી આવી રહ્યું, જે પીને લોકો મરી રહ્યા છે, આ બિહાર માટે સારું નથી. તેનાથી બચવા માટે શરીરની શક્તિ વધારવી પડશે, દોડવું પડશે, રમતગમતની પ્રવૃત્તિઓમાં વધુ ભાગ લેવો પડશે. મહાસેઠે કહ્યું કે જો એવો પ્રચાર કરવામાં આવશે કે દારૂ સારી વસ્તુ નથી પરંતુ ઝેર છે તો લોકો તેને પીવાનું છોડી દેશે. આલ્કોહોલ કોઈપણ રીતે ધીમું ઝેર છે, તે ઘણા નુકસાન પહોંચાડે છે. કિડનીને નુકસાન થાય છે, મગજને પણ નુકસાન થાય છે.

# પૂ.ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.એ એનિમલ હેલ્પલાઇન શેલ્ટર, હોસ્પિટલમાં પગલાં કર્યા

## બીમાર અબોલ જીવોને તેમણે શાતાકારી આશીર્વાદ આપ્યાં

રાજકોટ,

રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૧૮ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ–પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે.





અત્યાર સુધીમાં ૮,૦૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે, નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, ૧૦ (દસ) એમ્બ્યુલન્સ તેમજ બે બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૯૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન–સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ–પક્ષીઓને ગૌશાળા/ પાંજરાપોળ/ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલમાં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. અબોલ જીવો માટે સતત કાર્યરત નિઃશુલ્ક પશુ પક્ષી સારવાર ક્ષેત્રે ભારતની સૌથી મોટી સંસ્થા, ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઈનમાં પરમ શ્રધ્ધેય પૂ.ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.એ પગલાં કર્યા હતા. પરમ શ્રધ્ધેય પૂ.ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.એ ૨૪ વર્ષની યુવાન વયે પિતા સાથે દીક્ષા લીધી હતી. ૪૦ વર્ષના સંયમ પર્યાયમાં તેઓએ ન માત્ર સૌરાષ્ટ્ર પરંતુ મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને પૂર્વ ભારત સહિત અનેક નાના – મોટા ક્ષેત્રોમાં વિચરણ કર્યું છે. તેમનું વ્યક્તિત્વ ખૂબ જ ધીર અને ગંભીર છે.

પૂ.ધીર ગુરુદેવમાં વીરતા,ગંભીરતા, સહનશીલતાનો ત્રિવેણી સંગમ રહેલો છે. પૂ.ગુરુદેવ ધીરજ મુનિ મ.સા. દરેક માટે પ્રેરણા સ્તોત્ર છે, તેઓ જે કાર્ય હાથમાં લે છે તે અવશ્ય પૂર્ણ કરે છે. કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઈનની મુલાકાત દરમ્યાન તેઓએ બીમાર અબોલ જીવોને શાતાકારી આશીર્વાદ આપ્યાં હતા. પૂ. ધીરજ મુનિ મહારાજ સાહેબે વર્ષ ૨૦૨૩ ને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા "જીવદયા વર્ષ" તરીકે ઘોષિત કરીને સંસ્થાની સેવા યાત્રાને અનેક ગણી કરવાની છે તેવું જાણીને હ્રદયની પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને ખોબલે ખોબલે આશીર્વાદ આપ્યા હતા. ખાસ કરીને શિશુઓથી લઈને ૨૦ વર્ષ સુધીના યુવાનોમાં શાકાહાર,ગૌસેવા, અભયદાન,જીવદયા,માનવતા પ્રવૃત્તિઓનો વ્યાપ વધે તે માટે આધુનિક ટેકનોલોજીની મદદથી તેમજ સૌરાષ્ટ્રની દરેક સ્કૂલ કોલેજોમાં રૂબરૂ જઈ આ વિષયક સેમિનાર,વેબીનાર,પ્રેઝન્ટેશન કરવાની સંસ્થાની મહત્વકાંક્ષી યોજના અંગે પણ આશીર્વાદ આપ્યા હતા.

પરમ શ્રધ્ધેય પૂ.ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.ની મુલાકાત દરમ્યાન એનિમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી , પ્રતિક સંઘાણી અને રમેશભાઈ ઠક્કર, સેવાભાવી ડોક્ટર્સ, કર્મયોગી કર્મચારીઓની ટીમ ઉપસ્થિત રહી હતી.



વ્યારા વિધાનસભા ના ભાજપ ના ધારાસભ્ય મોહનભાઈ કોંકણી તાપી જિલ્લા મહિલા પ્રમુખ ગામીત સુનીતબેન અને મહિલા ટીમ મુલાકાત

# સુરતમાં ૪૯ ચપ્પુના ઘા મારેલી લાશનો ભેદ ઉકેલાયો, ગર્લફ્રેન્ડ રૂપિયા માંગતી હોવાથી બોયફ્રેન્ડે મારી નાંખી

સુરત,તા.૧૫

સુરતના અમરોલી સાયણ રોડ અંજની ઇન્ડસ્ટ્રી પાસે પખવાડિયા પહેલા એક યુવતીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. આ પ્રકરણમાં ક્રાઈમ બ્રાન્ચને ગુનો ઉકેલવામાં સફળતા મળી છે. આ યુવતીને તેના જ પ્રેમીએ ઘાતકી હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. છેલ્લા કેટલાય સમયથી યુવતી પ્રેમી પાસેથી રૂપિયાની માંગ કરી રહી હતી, જે વાતને લઈને પ્રેમીએ ચપ્પુના ૪૯ જેટલા ઘા મારી હત્યા કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના અમરોલી સાયણ રોડ અંજની ઈન્ડસ્ટ્રીયલમાં ગત ૨૮ નવેમ્બરના રોજ અવાવરું ખેતરમાંથી અજાણી મહિલાની લાશ મળી હતી. મહિલાના આખા શરીરે ચપ્પુના ૪૯ જેટલા ઘા ઝીંકાયા હતા. મહિલાની અત્યંત ઘાતકીપૂર્વક હત્યા કરાઈ હતી. આ બનાવની તપાસમાં જોડાયેલી ક્રાઈમ બ્રાન્ચની ઘરફોડ સ્કવોડની ટીમે બાતમી અને ટેકનિકલ સર્વેલસન્સના આધારે કોસાડ આવાસ એચ-૩ બિલ્ડિંગના ગેટ પાસેથી જગન્નાથ ઉર્ફે જગ્ગા નબી ઉર્ફે રવિ ગૌડાને ઝડપી લીધો છે. સુરતમાં છેલ્લા ૧૦ વર્ષથી રહેતો અપરણિત જગન્નાથ ઉર્ફે જગ્ગા હાલ કોસાડ આવાસમાં પોતાના પરિવાર સાથે રહે છે અને અંજની ઈન્ડસ્ટ્રીયલ ખાતે લાલા શેઠના વોટરજેટ મશીનમાં બોબીન ભરવાનું કામ કરે છે. તેની પુછપરછ કરતા જે મહિલાની તેણે હત્યા કરી હતી તે તેની પરિણીત પ્રેમિકા કુનીદાસ સીમાદાસ હતી.

જગન્નાથ ઉર્ફે જગ્ગા ત્રણ વર્ષ અગાઉ વતન ગયો હતો ત્યારે તેની મુલાકાત તેની બાજુના ગામમાં રહેતી કુનીદાસ સાથે થઈ હતી. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા તેઓ મોબાઈલ ફોનથી એકબીજાના સંપર્કમાં રહેતા હતા. જોકે, કુનીદાસ પ્રેમી જગન્નાથ ઉર્ફે જગ્ગાને પોતાની સાથે સુરત લઈ જવા અને પૈસા માટે વારંવાર દબાણ કરતી હતી. પરંતુ તે પોતાના સમાજની ન હોય અને તેને રાખવા માટે પોતાની પાસે કોઈ વ્યવસ્થા ન હોય તેનાથી કંટાળેલા જગન્નાથે તેના હત્યાની યોજના બનાવી હતી.

હત્યાના પ્લાનિંગ મુજબ, બે પખવાડીયા અગાઉ તે ઓરિસ્સા ગયો હતો. ત્યાં કુનીદાસ પતિને બેંગ્લોર કામ માટે જાઉં છું કહી ઘરેથી નીકળીને જગન્નાથ ઉર્ફે જગ્ગા સાથે નીકળી હતી. જગન્નાથ ઉર્ફે જગ્ગા તેને ટ્રેનમાં સુરત લાવ્યો હતો અને યોજના મુજબ તેને સીધા અવાવરું ખેતરમાં લઈ જઈ અગાઉથી પોતાની સાથે રાખેલા ચપ્પુના ૪૯ ઘા મારી હત્યા કરી હતી. હાલ પોલીસે આરોપીના રિમાન્ડ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ની તત્કાલ ચિત્ર હરીફાઈ યોજાઈ

સોસાયટી ફોર ધ વેલફેર ઓફ ધ મેન્ટલી રિટારડેડ તરફ થી કન્વેન્શન હોલ માં મનોદિવયાંગ વિદ્યાર્થીઓ માટે તત્કાલ ચિત્ર હરીફાઈ નુ આયોજન કરવા મા આવ્યુ. જેમા શહેર ની ૩૦ જેટલી સ્પેશિયલ સ્કુલ ના ૫૫૦ જેટલા મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ઓએ ભાગ લીધો હતો.લાયન્સ કલબ ઈન્ટરનેશનલ તરફ થી શ્રેષ્ઠ ચિત્ર ને ઈનામ આપવા માં આવ્યા હતા અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓ ને ટોકન ઈનામ અપાયા હતા.



મનોદિવયાંગ બાળકો એ પાણી બચાવો,ધરતી બચાવો,કુદરતી દ્રશ્યો, બેટી બચાવ જેવી થીમ આધીન ચિત્ર દોરયા હતા.સમાજ મા મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ને પોતાની એબીલીટી દરશાવા નૌ આ ઉત્તમ મોકો મલયો હતો આ પ્રસંગે કન્વીનર નિલેશ પંચાલ તમામ નો આભાર માન્ય હતો.

# કડીના નંદાસણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હિલા કોસ્ટેબલનું કરૂણ મોત

### પાછળથી આવતી ટ્રકે ટક્કર મારતા ઘટનાસ્થળે જ મોત

કડી,તા.૧૫૨ કલાક પહેલા



કડી તાલુકાના નંદાસણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલ કે જે પોતે પોતાના પિયર કડી તાલુકાના વામજ ગામે જઈ રહ્યા હતા. જે દરમિયાન એકટીવા લઈને રાજપુર પાટિયા પાસે પહોંચતા પાછળથી આવી રહેલા એક ટ્રક ચાલકે ટક્કર મારતા તેઓનું કરુણ મોત નીપજ્યું હતુ. જ્યાં તેમનો ૧૧ માસનો દીકરો માં વગરનો નાદાર બન્યો છે. આજે આશાબેનને ગાર્ડ ઓફ ઓનર આપી અંતીમ વિદાય આપવામાં આવી હતી.

કડી તાલુકાના નંદાસણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા આશાબેન રબારી કે જેઓ વામજ ગામના વતની છે. જેઓના લગ્ન આશરે દોઢેક વર્ષ પૂર્વે અંબાસણ ગામે રાજુભાઈ રબારી સાથે સમાજના રીત રિવાજ પ્રમાણે થયા હતા. તેઓ ૨૦૧૬-૧૭ પોલીસની નોકરીમાં લાગ્યા હતા. આશરે દોઢ એક મહિના પૂર્વે તેઓની કડી ખાતે બદલી થઈ હતી. આશાબેન રબારી હાલ નંદાસણ પોલીસ સ્ટેશનમાં એટેચ તરીકે ફરજ બજાવતા હતા. અંબાસણ ગામ ખાતે પોતે રહેતા હતા, પરંતુ તેમની માતાની તબિયત નાતંદુરસ્ત હોવાથી છેલ્લા ચાર દિવસથી પોતાના પિયર વામજ ખાતે પોતાના દીકરા સાથે ગયા હતા.

પોતાની ફરજ અદા કરીને પોતાનું એકટીવા લઈને પોતાના પિયર વામજ ગામે જઈ રહ્યાં હતા. તે દરમિયાન તેઓ કડી તાલુકાના રાજપુર પાટિયાથી છત્રાલ તરફ જઈ રહ્યા હતા અને પાછળથી આવી રહેલા એક હેવી ટ્રક ચાલકે ટક્કર મારતાં આશાબેન રબારી રોડ ઉપર પછડાયા હતા. જ્યાં અકસ્માત સર્જાતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને નંદાસણ પોલીસને જાણ કરવામાં આવી હતી. તેમજ તેમના પરિવારજનોને જાણ કરાતા તેમના પતિ રાજુભાઈ રબારી પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

# પતિ દારૂ પીને ધરાર સંબંધ બાંધી સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય કરતો, પોલીસે પરિણીતાને કહ્યું, 'માત્ર ત્રાસની ફરિયાદ જ લઈશું'

રાજકોટ,તા.૧૫

ઉપલાકાંઠા વિસ્તારમાં રહેતી પરિણીતાની કથની પતિ બે દીકરીની હાજરીમાં કપડાં કાઢીને આંટા મારતો, બેડ પર લઘુશંકા કરતો સાહેબ રાત પડે અને હું ધ્રુજવા લાગતી, હમણા મારો પતિ મારા પર શારીરિક અત્યાચાર ગુજારશે, અમાનવીય કૃત્ય કરશે અને તેના વિચારોથી હું ફફડતી, તે દારૂ પી ઘરે આવતો અને બળજબરીથી મારી સાથે શરીરસંબંધ બાંધતો, સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય આચરતો, દિવાળીના સમય પર તો મને ત્રણ દિવસ રૂમમાં પૂરીને ઢોરમાર માર્યો હતો, બી. ડિવિઝન પોલીસે આવીને મને છોડાવી હતી, મહિલા પોલીસ સ્ટેશને હું બે મહિનાથી ધક્કા ખાવ છું, પરંતુ તે પોલીસ માત્ર ત્રાસની ફરિયાદ નોંધવાની જ વાત કરે છે, મારો પતિ મારી સાથે દુષ્કર્મ આચરતો, સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય કરતો તે ફરિયાદ નહીં નોંધાય તેમ કહી મને કાઢી મૂકવામાં આવે છે, આ વ્યથા ઉપલાકાંઠા વિસ્તારમાં રહેતી એક પરિણીતાની છે.

ભાવના (નામ બદલાવેલ છે) ૩૭ વર્ષની પરિણીતા પોલીસ સ્ટેશનના ધક્કા ખાઇ, હારી થાકીને દિવ્ય ભાસ્કરે પહોંચી હતી, ભાવનાએ પોતાની વ્યથા વર્ણવતા કહ્યું હતું કે, અગાઉ તેના એક લગ્ન થયા હતા પરંતુ પતિએ તેની બીમારીની વાત છુપાવી હોય ત્રણ મહિનામાં જ છૂટાછેડા થઇ ગયા હતા, બીજા લગ્ન ભાવેશ સાથે જાન્યુઆરી ૨૦૧૦માં થયા હતા, લગ્ન જીવન દરમિયાન બે પુત્રીની પ્રાપ્તિ થઇ હતી, એક પુત્રી ૧૨ વર્ષની અને બીજી ૯ વર્ષની છે. લગ્ન થયાના બે મહિના બાદ જાણ થઇ હતી કે, પતિ ભાવેશને દારૂનો નશો કરવાની કુટેવ છે, આ અંગે સાસુ-સસરાને વાત કરી તો તેણે ભાવેશનો પક્ષ લીધો હતો.

# ગુજરાતમાં સામૂહિક ધર્મ પરિવર્તન, એકસાથે ૪૫ લોકોએ ધર્મ બદલ્યો

### તમામ ૪૫ લોકોએ એક હોટલમાં બૌદ્ધ ધર્મના માનવ માત્ર એક સમાનના સૂત્રના હેતુથી ધર્મ પરિવર્તન કર્યું હતું

મહીસાગર,તા.૧૫

મહીસાગરની બાલાસિનોર હોટેલ ખાતે ૪૫ લોકોએ ધર્મ પરિવર્તન કરતા ચકચાર મચી ગઈ છે. હિન્દુ ધર્મમાંથી એકસાથે ૪૫ લોકોએ ધર્મ પરિવર્તન કરી બુદ્ધ ધર્મ સ્વીકાર્યો છે. ત્યારે ખેડા અને બાલાસિનોર પંચમહાલ જિલ્લાના ૪૫ જેટલા લોકોએ ધર્મ પરિવર્તન કરી લેતા ચર્ચા ઉઠી છે. ધર્મ પરિવર્તન કરતા બાલાસિનોર નગર તેમજ આસપાસના લોકોમાં હડકમ મચી જવા પામ્યો છે. આ તમામ ૪૫ લોકોએ એક હોટલમાં બૌદ્ધ ધર્મના માનવ માત્ર એક સમાનના સૂત્રના હેતુથી ધર્મ પરિવર્તન કર્યું હતું. બૌદ્ધ ધર્મમાં પંચશીલ આદર્શ ઉત્તમ હોવાના લીધે તેનાથી પ્રભાવિત થઈને આ ધર્મ પરિવર્તન કરે છે તેવુ તેમણે જણાવ્યું. બાલાસિનોરની હોટલ ગાર્ડન પેલેસમાં ધર્મ પરિવર્તનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પોરબંદરથી આવેલા ધર્મ ગુરુ દ્વારા બાલાસિનોર, ખેડા, નડિયાદ અને પંચમહાલના ૪૫ જેટલા હિન્દુ ધર્મના લોકોને બૌદ્ધ ધર્મ અપનાવવા સંકલ્પ કરાવ્યા હતા.

# હવામાન વિભાગની આગામી ૨૪ કલાકમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી

અમદાવાદ,તા.૧૫

ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. જેમા છોટા ઉદેપુર જિલ્લામાં ગઈ કાલે દેવળિયા ગામમાં કમોસમી વરસાદ પડ્યા બાદ નસવાડી તાલુકાના ડુંગરાળ વિસ્તારનાં આમતા ગામમાં પણ વરસાદ પડ્યો હતો. આ સિવાય નવસારી, સુરત અન ભરૂચમાં પણ કમોસમી વરસાદ નોધાયો હતો. છેલ્લા બે દિવસથી વાદળ છાયા વાતાવરણ વચ્ચે વરસાદ પડ્યો હતો કમોસમી વરસાદી વાતાવરણ ને લઇ તુવરનાં પાકને નુકશાન થવાની ભીતી ખેડૂતોમાં છે.

હવામાન વિભાગ દ્વારા ગુજરાતના અનેક વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમા મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ પડશે. હવામાન વિભાગા જણાવ્યાં અનુંસાર બંગળાની ખાડીમાં સર્જાયેલા લૉ પ્રેસર અરબ સાગરમાં પ્રવેશીને વલમાર્ક લૉ પ્રેસરથી ડિપ્રેશનમાં પરિવર્તિત થયુ છે જેના કારણે આગામી ૨૪ કલાકમાં વરસાદ પડશે.

હવામાન વિભાગ દ્વારા જણાવામાં આવેલ માહિતી અનુસાર સૂરત, ભરૂચ, ઉમરપાડા, નવસારી, છોટાઉદેપુર અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં વરસાદી જાપટા પડી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના લીધે રાજયના મોટા ભાગના શહેરોનું મહત્તમ તાપામાન વધીને ૩૧ ડિગ્રી ને લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીએ પહોચી ગયુ છે. છોટાઉદેપુર જિલ્લામાં બીજા દિવસે પણ કમોસમી વરસાદ વરસતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે..


હવામાન વિભાગ દ્વારા બે દિવસ અગાઉ કમોસમી વરસાદની જે આગાહી કરી હતી જે આગાહી સાચી પડી.હતી.

નસવાડી તાલુકામાં ગઇ કાલે દેવળિયા વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો હતો ત્યાર બાદ આજે નસવાડી તાલુકાના ડુંગરાળ વિસ્તારનાં આડતિયા વિસ્તારમાં માવઠું પડ્યું હતું. કમોસમી વરસાદથી ખાસ કરીને કપાસ, તુવેર, મકાઈ સહીત નાં અન્ય પાકમાં નુકસાન ની ભીતિ. જણાતા હાલ ખેડૂતોમાં ચિંતા નું મોજુ ફરી વળ્યુ. છે

# ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શંકર ચૌધરી પસંદગી, જેઠા ભરવાડ ઉપાધ્યક્ષ રહેશે

ગાંધીનગર,તા.૧૫

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ ની ચૂંટણીમાં ભવ્ય જીત બાદ ગુજરાતમાં ભાજપની નવી સરકારની રચના થઈ છે. ૧૫ મી વિધાનસભામાં સુકાની તો ભુપેન્દ્ર પટેલ રહેશે, પણ તેમની ટીમ બદલાઈ છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી ગુજરાત તરફથી વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના નામ નક્કી કરવામા આવ્યા છે.વિધાનસભાના અધ્યક્ષ તરીકે શંકર ચૌધરીની પસંદગી કરવામાં આવી છે ચૌધરી બનાસકાંઠા જિલ્લાની થરાદ બેઠક પરથી ચૂંટાયા હતા. જયારે વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે જેઠા ભરવાડની પસંદ કરવામાં આવી છે જેઠા ભરવાડ પંચમહાલની શહેરા બેઠકના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે પહેલેથી જ શંકર ચૌધરીનું નામ ચર્ચામાં હતું, આખરે આ નામ પર પૂર્ણવિરામ મૂકાયું છે. જોકે, વિધાનસભા અધ્યક્ષ તરીકે રમણ વોરા અને ગણપત વસાવાના નામ પણ ચર્ચામાં હતા. જો કે, વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે માત્ર જેઠા ભરવાડનું નામ ચર્ચામાં હતું. આખરે તેમના નામ પર મહોર લાગી છે.



શંકર ચૌધરી ૧૯૯૭માં રાધનપુરમાંથી તત્કાલિન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સામે માત્ર ૨૭ વર્ષની વયે વિધાનસભાની તેમની પ્રથમ ચૂંટણી લડ્યા હતા. જો કે, ત્યારબાદ ૧૯૯૮માં યોજાયેલી ચૂંટણીમાં તેઓ રાધનપુર મતવિસ્તારમાંથી વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ૨૦૧૪ માં રાજ્યકક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતા. તે બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ સંઘ, પાલનપુર (બનાસ ડેરી) ના અધ્યક્ષ, ગુજરાત રાજ્ય સહકારી બેંકના વાઈસ-ચેરમેન અને ગુજરાત પ્રદેશના જનરલ સેક્રેટરી તરીકે પણ સક્રિય છે. ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વાવમાંથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર સામે હારી ગયા હતા. વાવમાંથી હાર્યા બાદ ભાજપે ૨૦૨૨ની ચૂંટણીમાં થરાદની ટિકિટ આપી હતી અને શંકર ચૌધરીની જીત થઈ હતી. પંચમહાલ જિલ્લાની શહેરા વિધાનસભા બેઠક પર ૭૨ વર્ષીય જેઠાભાઈ ભરવાડ ચૂંટણી જીત્યા છે. પોલીસ કોન્સ્ટેબલમાંથી ધારાસભ્યપદ સુધી પહોંચનારા જેઠાભાઈ ભરવાડ સતત વિવાદમાં રહ્યા છે.

નવા સ્પીકરની વરણી ન થાય ત્યાં સુધી વર્તમાન અધ્યક્ષ તરીકે નીમાબેન આચાર્ય ૨૦ ડિસેમ્બર સુધી તેમના પદ પર યથાવત્ રહેશે.

એ પદ પર તો યથાવત્ રહેશે, પરંતુ વિધાનસભાગૃહની અંદર ધારાસભ્યની સોગંદવિધિના સમયે કે રાજ્યપાલના સંબોધન સમયે કે પછી અધ્યક્ષના ચૂંટણી સમયે પણ નીમાબેન વિધાનસભાગૃહની અંદર જઈ શકશે નહિ.વિધાનસભાના નવા અધ્યક્ષની વરણી અગાઉ સુધી, એટલે કે વિધાનસભા ઓફિસની તમામ ફાઈલ વર્તમાન અધ્યક્ષ નીમાબેન આચાર્યની સહીથી જ આગળ વધશે. ૨૦ ડિસેમ્બરના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધી તમામ ફાઈલ નીમા આચાર્યની સહીથી જ ચાલશે, જેવી ગૃહની બેઠક શરૂ થશે કે તેમણે અધ્યક્ષપદ છોડવાનું રહેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.